Gujarati

NHS

# કાયદો બદલાઈ રહ્યો છે
# 1લી ઓક્ટોબર 2007




SMOKEFREE




## અનુક્રમણિકા


| | |
|---|---|
| કાયદો શા માટે બદલાઈ રહ્યો છે? | 03 |
| કાયદાનું પાલન કરવા માટે મારે શું કરવાની જરૂર છે? | 04 |
| હું મારા કર્મચારીઓને કેવી રીતે તૈયાર કરી શકું? | 05 |
| ઉંમરનો પુરાવો મારે કેવી રીતે માગવો? | 06 |
| કાયદામાં ફેરફારનું પાલન કેવી રીતે કરાવવામાં આવશે? | 07 |
| મને મદદ અને ટેકો ક્યાંથી મળી શકશે? | 08 |

# કાયદો બદલાઈ રહ્યો છે

તારીખ 1લી ઓક્ટોબર 2007થી ઇંગ્લેન્ડ અને વેલ્સમાં 18 વર્ષથી નાની ઉંમરની કોઈ પણ વ્યક્તિને તમાકુની વસ્તુઓ વેચવાનું કાયદા વિરુદ્ધ ગણાશે. આ ફેરફારમાં કાઉન્ટર પરથી તેમજ વેન્ડિંગ મશીનોમાંથી વેચવામાં આવતી વસ્તુઓ જેવી કે સિગરેટો, સિગારો, તમારી પોતાની સિગરેટ વાળીને બનાવવા માટેનું તમાકુ અને પાઈપો તેમજ સિગરેટ વાળવા માટેના કાગળોનો સમાવેશ થાય છે.

# કાયદો શા
# માટે બદલાઈ રહ્યો છે?

તમાકુનાં બંધાણી મોટા ભાગનાં પુખ્ત વયનાં લોકોએ તેમની કિશોરાવસ્થામાં ધૂમ્રપાન કરવાનું શરૂ કર્યું હોય છે. બાળકો અને યુવાન લોકોને તેનાં બંધાણી બનતાં અટકાવવામાં મદદ કરવા માટે તેમજ ધૂમ્રપાનને કારણે આરોગ્ય પર ઊભા થતા અત્યંત ગંભીર ખતરાઓમાંથી બચાવવા માટે કાયદામાં ફેરફાર કરવામાં આવી રહ્યો છે.

તમાકુ વેચવાનું પસંદ કરીને તમારે અનેક કાનૂની ફરજોનું પાલન કરવું જરૂરી બને છે, જેમાંની એક ફરજ ઓછામાં ઓછી ઉંમરની મર્યાદા કરતાં નાનાં લોકોને તમાકુની વસ્તુઓ નહિ વેચવાની છે.

તમે જ્યારે નીચેની બાબતોનો વિચાર કરશો ત્યારે આ માટેનાં કારણો સ્પષ્ટ બનશેઃ

- જીવનભર ધૂમ્રપાન કરનારી બેમાંથી એક વ્યક્તિનું તેમના આ બંધાણ ને કારણે મૃત્યુ થશે.
- વ્યક્તિ જેટલી વહેલી ઉંમરથી ધૂમ્રપાન કરવાનું શરૂ કરે તેટલી જ તેમનું તે બંધાણથી મૃત્યુ થવાની શક્યતાઓ વધે છે.
- 15 વર્ષની ઉંમરે ધૂમ્રપાન કરવાનું શરૂ કરનારી વ્યક્તિ ધૂમ્રપાનને કારણે થતા કેન્સરથી મૃત્યુ પામવાની શક્યતા, 20ના દાયકાની ઉંમર દરમ્યાન ધૂમ્રપાન શરૂ કરનારી વ્યક્તિ કરતાં ત્રણ ગણી વધારે છે.

# કાયદાનું પાલન
# કરવા માટે મારે શું કરવું જરૂરી છે? (કાનૂની જરૂરિયાતો)

1લી ઓક્ટોબર 2007થી:

- 18 વર્ષથી નાની ઉંમરની કોઈ પણ વ્યક્તિને તમારે તમાકુની વસ્તુ ન જ વેચવી જોઈએ. હાલમાં 16 વર્ષથી નાની ઉંમરની કોઈ વ્યક્તિને તમાકુ વેચવાનું ગેરકાયદેસર બનાવતા કાયદાના બદલે આ કાયદો અમલમાં આવે છે.
- તમે હાલમાં મૂકેલી કોઈ પણ નિશાનીઓ (કાનૂની સૂચનાઓ) બદલીને તમાકુની વસ્તુઓ વેચવા પર મર્યાદા મૂકતી નવી કાયદેસર ઉંમર દર્શાવતી નિશાનીઓ મૂકવી જ જોઈએ. આ નિશાની જોઈ શકાય તેવી જગ્યાએ લગાવવી જોઈએ, જ્યાંથી તે તમાકુની વસ્તુઓ ખરીદવા માગતી કોઈ પણ વ્યક્તિ સહેલાઈથી જોઈ શકે અને તેની નીચે આપેલી માર્ગદર્શિકાઓ અનુસરી શકે.

## કાઉન્ટર પરથી કરવામાં આવતાં વેચાણો માટે નિશાની

તમારે વાપરવા માટે અમે સાથે એક નિશાની આપેલી છે. જો તમે તમારી પોતાની નિશાની બનાવવા માગતાં હો અથવા બીજી નિશાની વાપરો, તો કાયદાનું પાલન કરવા માટેઃ

- તેમાં એવું જણાવેલું હોવું જ જોઈએ કે, 'It is illegal to sell tobacco products to anyone under the age of 18'.
- તે ઓછામાં ઓછી A3 કદની (420mm x 297mm) હોવી જ જોઈએ અને તેના અક્ષરો 36mm ઊંચાઈના હોવા જ જોઈએ.

www.tobaccoagechange.co.uk પરથી નિશાની ડાઉનલોડ કરી શકાય છે.

## વેન્ડિંગ મશીનોમાંથી કરવામાં આવતાં વેચાણો માટેની નિશાની

તમાકુ અને તેની વસ્તુઓ વેચતાં બધાં જ વેન્ડિંગ મશીનો પર પણ સુધારેલી નિશાની લગાવેલી હોવી જ જોઈએ. કાયદાનું પાલન કરવા માટે, તમારા વેન્ડિંગ મશીન પરની નિશાનીઃ

- આવું જણાવતી હોવી જ જોઈએ, 'This machine is only for the use of people aged 18 or over'.
- તે ઓછામાં ઓછી 60mm x 100mm કદની હોવી જ જોઈએ અને તેના અક્ષરો 6mm ઊંચાઈના હોવા જ જોઈએ.
- મશીન વાપરનાર કોઈ પણ વ્યક્તિને તે સ્પષ્ટ રીતે દેખાઈ શકે તેવી રીતે હોવી જ જોઈએ.

તમારા તમાકુના હોલસેલ વેપારી અથવા વેન્ડિંગ મશીનના પ્રોવાઈડરે જો તમને હજુ સુધી તે માટેની નિશાની ન આપેલી હોય તો હવે તેઓ તમને તે આપી શકવાં જોઈએ.

# તમારા કર્મચારીને
# તૈયાર કરવાં

એક છૂટક વેપારી તરીકે તમાકુ તેમજ ઉંમરની મર્યાદા લાગુ પડતી હોય તેવી બીજી વસ્તુઓ વેચવા માટે ઉંમરને લગતી સમસ્યાઓ સામે પગલાં લેવામાં કદાચ પહેલેથી અનુભવ ધરાવતાં હશો. પરંતુ, તમાકુના વેચાણ માટેની ઉંમર વધારવામાં આવવાને કારણે તમારા યુવાન ગ્રાહકો તરફથી તમારે કદાચ નવેસરથી મુશ્કેલીઓનો સામનો કરવો પડે.

તમારા કર્મચારીઓને કાયદાની અને ગ્રાહકોને કેવી રીતે પ્રશ્નો પૂછવા અને વેચાણ કરવાનો ઈનકાર કરવો વગેરેની તાલીમ આપવાથી કદાચ મદદ મળશે. તમે શું કરી શકો તેનાં કેટલાંક ઉદાહરણો અહીં આપેલાં છે:

- ☐ ગુનો ન કરી બેસે તે માટે તમારે તમારા કર્મચારીઓને કાયદામાં થયેલા ફેરફાર વિશે જાણ કરવી જોઈએ.
- ☐ તમે તેમને કોઈ તાલીમ આપી હોય તો તેની તમે નોંધ રાખી શકો અને તમારા કર્મચારીને તેમાં સમજણ પડી છે તેની સહમતી ઉપર તેમની સહી કરાવી શકો.
- ☐ કર્મચારીઓને જણાવવામાં આવવું જોઈએ કે જો તેઓ 18 વર્ષથી નાની ઉંમરની કોઈ વ્યક્તિને તમાકુની વસ્તુઓ વેચશે તો તેના માટે તેઓ પોતે અંગત રીતે જવાબદાર ઠરશે.

આ સાથે આપેલી માહિતી પત્રિકામાં તમને અને તમારા કર્મચારીઓને કાયદાનું પાલન કરવામાં મદદ કરતી કેટલીક વધારે સલાહ આપવામાં આવેલી છે.

# ઉંમરનો
# પુરાવો માગવો

ઉંમરનો પુરાવો કેવી રીતે માગવો અને કોઈ મુશ્કેલ ગ્રાહક સામે પગલાં લેતી વખતે શું કરવું તે જાણવું અગત્યનું છે. આ અંગે સારી રીતે પગલાં લેવાથી ઘણી સરળતા થઈ જાય છે.

- ☐ **તમારા દુકાનના કાઉન્ટર ઉપર કે તેની નજીકમાં યોગ્ય નિશાની સ્પષ્ટ રીતે લગાવો જેથી તે ગ્રાહકોને તરત જ દેખાય.** આના લીધે લગભગ મોટા ભાગનાં નાની ઉંમરનાં ગ્રાહકો પહેલેથી તમાકુ ખરીદતાં અટકી જશે અને તેમને એ યાદ દેવડાવવામાં તમને પણ મદદ થશે કે તમે ફક્ત કાયદાનું પાલન કરી રહ્યાં છો.
- ☐ **કૂનેહ અને વિનમ્રતાથી વર્તો.** ઈનકાર કરવાથી વ્યક્તિ શરમમાં મૂકાઈ શકે છે. માફી માગો અને તેમની સાથે દુશ્મનાવટભય વર્તન ન કરશો કે તમે પોતે ચીડાશો નહિ.
- ☐ **શાંત રહો.** જો તેઓ ગુસ્સે થાય, તો પણ તમે વ્યવસાયિકપણે વર્તો અને તમારી વાત પર મક્કમ રહો.
- ☐ **કોઈને દોષ ન આપો.** તેમને સમજાવો કે ઉંમરનો પુરાવો માગવા માટે તમે કાયદાથી બંધાયેલા છો અને તેમાં કશું અંગત નથી.
- ☐ **સલામત રહો.** જો ગ્રાહક શારીરિક રીતે આક્રમક કે ડરાવનાર બની જાય તો તમે ત્યાંથી ખસી જાવ અને મદદ બોલાવો. અત્યંત કટોકટીભરી પરિસ્થિતિમાં પોલીસને બોલાવો.

સૌથી ઉત્તમ સલાહ એ છે કે જો તમને તે વ્યક્તિ ઓછામાં ઓછી 21 વર્ષની ઉંમરની ન દેખાતી હોય તો તમારે હંમેશાં તેમની પાસેથી ઉંમરનો પુરાવો માગવો જોઈએ. સાચી ઉંમરનાં લોકો પાસેથી જો વિનમ્રતાપૂર્વક તેમની ઉંમરનો પુરાવો માગવામાં આવે તો તેમને તે બતાવવામાં વાંધો નહિ હોય.

જો તમને પાસપોર્ટ અથવા ફોટા સાથેનું ડ્રાઈવિંગ લાઈસન્સ બતાવવામાં ન આવે, તો તેના સિવાયના ઉંમરના પુરાવા માટેના કાર્ડ પર હંમેશાં 'પાસ' 'PASS' નું હોલોગ્રામ ચિહ્ન તપાસો.

## ફોટા સાથેના સ્વીકાર્ય ઓળખપત્રો:



પાસપોર્ટ




ફોટા સાથેનું ડ્રાઈવિંગ લાઈસન્સ




સિટિઝનકાર્ડ




વેલિડેટ કાર્ડ




પોર્ટમેન 'પ્રુવ ઈટ' કાર્ડ




'પાસ'નું હોલોગ્રામ ચિહ્ન

મદદ કરવા માટે, ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ તેમની સંદેશાવ્યવહારની ઝૂંબેશ મારફતે - લોકોને - ખાસ કરીને કિશોરાવસ્થાનાં લોકોને માન્યતા મેળવેલી 'પાસ' યોજના મારફતે તેમની ઉંમરનો પુરાવો સાથે રાખવો જરૂરી હોવાનું યાદ દેવડાવશે.

# કાયદામાં ફેરફારનું પાલન કેવી રીતે કરાવવામાં આવશે?

કાયદેસર ઓછી ઉંમરનાં ગ્રાહકોને તમાકુની વસ્તુઓનું વેચાણ કરવાને લગતા કાયદાનું પાલન કરાવવાનું ટ્રેડિંગ સ્ટાન્ડર્ડ્સના ઓફિસરો ચાલુ રાખશે.

તારીખ 1લી ઓક્ટોબર 2007થી 18 વર્ષથી નાની ઉંમરની કોઈ વ્યક્તિને તમાકુની વસ્તુઓ વેચવા માટે £2,500 સુધીનો દંડ થઈ શકે છે.

કોઈ પણ ગેરકાયદેસર વેચાણ માટે, વેચનાર વ્યક્તિ અને ધંધાના માલિક બંનેને જવાબદાર ઠેરવી શકાય છે, પછી ભલે તે ખરીદી કોઈ પુખ્ત વયની વ્યક્તિના વતી કરવામાં આવી હોવાનું માનવામાં આવ્યું હોય, અથવા ખરીદનાર વ્યક્તિ 18 વર્ષથી મોટી ઉંમરની દેખાતી હોય.

કાયદેસર સૂચના નહિ લગાવવાથી £1,000 સુધીનો દંડ થઈ શકે છે. આ કાઉન્ટર ઉપરથી અને વેન્ડિંગ મશીન મારફતે કરવામાં આવતાં બંને પ્રકારનાં વેચાણો માટે લાગુ પડે છે.

વધારે સલાહ તમારા ટ્રેડિંગ સ્ટાન્ડર્ડ્સ વિભાગ પાસેથી મળી શકે છે. વધારે માહિતી માટે જુઓઃ
www.tradingstandards.gov.uk/business/business.cfm




# મદદ અને ટેકો

અમારું માનવું છે કે આ ફેરફારથી તમે જે રીતે તમારો ધંધો ચલાવો છો તેના પર અસર પડશે અને કાયદામાં થયેલા ફેરફારનું પાલન કરવાનું તમારા માટે અમે બને તેટલું સહેલું બનાવવા માગીએ છીએ.

જો તમે કોઈ પ્રશ્નો પૂછવા અથવા વધારે માહિતી મેળવવા માગતાં હો, તો કૃપા કરીને જુઓ www.tobaccoagechange.co.uk અથવા તમારા સ્થાનિક ટ્રેડિંગ સ્ટાન્ડર્ડ્સ વિભાગનો સંપર્ક કરો.

## તમને ઉપયોગી લાગી શકે તેવી બીજી વેબસાઈટો

**ટ્રેડિંગ સ્ટાન્ડર્ડ્સ Trading Standards**
યુકેમાં ગ્રાહકોની સુરક્ષાને લગતી બધી જ માહિતી મેળવવાનું એક સ્થાન
**www.tradingstandards.gov.uk**

**લાકોર્સ LACORS**
લોકલ ઓથોરિટીની નિયંત્રક અને તેને લગતી સેવાઓ ઉપર નજર રાખવા માટે જવાબદાર
**www.lacors.gov.uk**

**'પાસ' યોજના PASS Scheme**
ઉંમરનો પુરાવો બતાવતા કાર્ડ્સ માટેની યુકેની રાષ્ટ્રિય ગેરંટીની યોજના **www.pass-scheme.org.uk**